# <u>અમદાવાદ (ગ્રામ્ય) ના પાંચમા જયુ. મેજી. (ફ.ક.) ની કોર્ટમાં</u>

**ફોજદારી કેસ નં.૧૦૩૪૬\૨૦૨૩**

ફરીયાદી : સરકાર શ્રી.

વિરૂધ્ધ.

આરોપી : સોરીનભાઈ અમરતલાલ જાદવ

**ગુનો : પ્રોહી એકટ કલમ–૬૬(૧)બી તથા ધી એમ. વી. એકટની કલમ ૧૮૫ મુજબ**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

આરોપીએ ચાર્જશીટમાં બતાવેલ સમયે અને સ્થળે પોતાના હવાલાવાળુ વાહન દારૂ પીને માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી પ્રોહી એકટ કલમ–૬૬(૧) બી તથા એમ.વી.એકટ કલમ૧૮૫ મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ કરીએ છીએ, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુંકમ : –**

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ધી પ્રોહી એકટ કલમ–૬૬(૧)બી તથા એમ.વી.એકટ ૧૮૫ મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી, રૂા.૨,૧૦૦/– (અંકે રૂપિયા બે હજાર એકસો પુરા) દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અંગે અગાઉ કરેલો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે તથા આ કામે જો રોકડ રકમ કબ્જે થયેલ હોય તો તે સરકારશ્રી ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આ કામે અગાઉ હુકમ થયેલ ન હોય તો, સી.આર.પી.સી.કલમ–૪૫૨ મુજબ ઈન્કવાયરી કરી ધોરણસર કરવાનો રહેશે.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી આજરોજ **લોક અદાલત**માં જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩
સ્થળ:– મીરઝાપુર,અમદાવાદ

(ડી.એમ.બાવીશી)
પાંચમા એડી.જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય) મીરઝાપુર